કમ્પ્યુટર કૌશલ્યની સીસીસી+/ સીસીસી ની પરીક્ષા ફી માં વધારો કરવા બાબત.

જી.સી.વી.ટી.
ગાંધીનગર
આવક નંબર..૬૮૬૧...
તારીખ...૯.૧૨.૧૩...

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃપરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ-૩-ક
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૬-૧૧-૨૦૧૩

વંચાણે લીધા :-

(૧) સા.વ.વિ. નો તા.૩૦-૯-૦૬ નો ઠરાવ ક્રમાંકઃપરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક

(૨) જી.સી.વી.ટી.નો તા.૦૯-૦૭-૨૦૧૨ નો પત્ર ક્રમાંકઃ જીસીવીટી/૨૦૧૨/ટી-૮/ સીસીસી/૧૦૯૮૩

(૩) જીટીયુ નો તા. ૧૧-૦૯-૧૩ નો પત્ર ક્રમાંકઃજીટીયુ/ ના.સ. / સા.વ.વિ. / ૨૦૧૩/૮૪૭૪

આમુખઃ-

સામાન્ય વહિવટ વિભાગના તા. ૩૦-૦૯-૨૦૦૬ ના જાહેરનામાથી કમ્પ્યુટર કૌશલ્યની તાલીમ અને પરીક્ષાના આયોજન અંગેની કાર્ય પધ્ધતિ નક્કી કરવામાં આવેલ. જેમાં નિયમ ૭ હેઠળ સીસીસી/સીસીસી+ ની પરીક્ષા ફી રૂ.૧૫૦/- નક્કી કરવામાં આવેલ છે.

ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ અને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક-૨ અને ૩ ઉપરના પત્રો દ્વારા કમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષાઓની પરીક્ષા ફી રૂ.૧૫૦ ને બદલે રૂ.૨૦૦ કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી. જેના અનુસંધાને પરીક્ષા ફી માં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

કાળજીપૂર્વકની વિચારણાને અંતે સામાન્ય વહિવટ વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ-૧ ઉપરના ઠરાવના ક્રમાંક (૭) માં દર્શાવેલ પરીક્ષા ફી રૂ.૧૫૦/- ને બદલે રૂ. ૨૦૦/- કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૯-૦૬ ના ઠરાવ ક્રમાંકઃપરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક ની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની ફાઇલ ક્રમાંકઃપરચ/૧૦૨૦૧૩/યુઓ/૬૧/ક પર નાણા વિભાગની તા.૨૦.૧૧.૨૦૧૩ ના રોજ મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દેવી પંડ્યા)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

રોજગાર-તાલીમ

નકલ રવાના:

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
- માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- ઉપસચિવશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
- એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ-૧૫
- નિયામકશ્રી, રોજગાર અને તાલીમ / ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ, ગાંધીનગર.
- માહિતી નિયામકશ્રી, ગાંધીનગર - જાહેર પ્રસિધ્ધિ અર્થે
- સચિવાલયના સર્વે વિભાગો (આપના હસ્તકના સર્વે ખાતાના વડાઓ / બોર્ડ /કોર્પોરેશન ને ઉકત સૂચનાઓ મોકલવાની વિનંતી સાથે)
- એકઝીકયુટીવ, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, GSWAN ઉપર પ્રસિધ્ધિ અર્થે.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઇલ.
- પત્ર દ્વારા.